# જનસંપર્ક અધિકારી,
## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર
પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૨૦/૦૩/૨૦૨૫ ગુરૂવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૭૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૮ કેસ કરી, ૫૪ વ્યક્તિઓને ઝડપી, ૧૯૯૭ લીટર દેશી દારૂ, ૧૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૩ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૩ બિયર ટીન, ૧ મોટર સાયકલ, ૨ સ્કુટર અને ૧ ટ્રેકટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૨૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૭૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૧૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૭૬/૨૦૨૫**

**ઓઢવઃ** ઓઢવ એસ.પી.રીંગ રોડ નીલકંઠ એવન્યુ પામ હોટલ નીચે “ન્યુ ભૈરવનાથ ભોજનાલય” ખાતે રહેતા અને ત્યાં જ કામ કરતા મનોહરસિંહ મીઠુસિંહ રાજપુત (ઉ.વ.૨૮) (મુળ વતન. ગામ-કાલબ કલા તા-તાયપુર જી-પાલી રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૩/૨૦૨૫ સવારના ૬/૦૦ વાગ્યા પહેલા રહેણાંક ખાતે રસોડાના માળીયા સાથે દુપટ્ટો બંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ બોઘાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી